સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

બન્યા'તા બેફામ અશ્વો, લગામ રાખવી પડશે,
ને ભતીજાવાદ પર, લગામ રાખવી પડશે,
લગામ રાખવી પડશે, વિજય-ઉત્સાહ પર -
જૈલસિંગી વંચના પર લગામ રાખવી પડશે..
(-કહેતો ઝાડુ કાઢુંવાળા જૈલસિંગ)
(અભ્યાસક્રમ માં પાઠ બાબત)

હાઈકુ

મેલી મહેચ્છા!
અલગતાવાદની -
કચડી નાખો!
(૩૭૦, કાશ્મીર)

શ્રી મોરારજી
શ્રી ગુલઝારીલાલ
નરેન્દ્ર રાજા
(ગુજરાત-ગૌરવ)

ચિંતન

જાનામિ નાગેન્દ્ર તવ પ્રભાવં કંઠે સ્થિતો, ગર્જસિ શંકરસ્ય ।
સ્થાનં પ્રધાનં, ન બલં પ્રધાનં સ્થાને સ્થિતઃ કાપુરૂષોપિ શૂરઃ ।

અહીં નાગરાજ જે સંબોધન કરી, સનાતન સત્ય સમજાવતાં કવિ કહે છે કે :

હે નાગરાજ! હું તમારો પ્રભાવ જાણું છું ભગવાન શંકરની ડોકમાં રહીને અત્યારે ગર્જના કરે અર્થાત અત્યારે ગર્જના કરે અર્થાત્ અત્યારે તું જે સ્થાને બેઠો છે તે સ્થાનનું મહત્ત્વ છે. સદાય સ્થાનનું જ મહત્ત્વ હોય છે, શારીરિક બુદ્ધિ-શક્તિનું કંઇ જ મહત્ત્વ હોતું નથી. ઊંચા, સત્તાવાહી, પદ કે સ્થાન પર રહેલી વ્યક્તિ અશક્ત-નબળી કે મંદબુદ્ધિની હોય તો પણ શૂરવીર અને શક્તિમાન જ ગણવામાં આવે છે.

આજકાલ મની-મસલ્સ દ્વારા જિતાતી ચૂંટણીઓ, લાગવગ દબાણ દ્વારા મળતાં પદ, અનામત જગ્યાઓના ઓછી ગુણવત્તાવાળા વિદ્યાર્થીઓ, અધિકારીઓ અને અન્યાયી ગોટાળાઓ દ્વારા પ્રાપ્ત થતાં પરિણામો દ્વારા અયોગ્ય-અશક્ય એવી વ્યક્તિ પણ 'પદ' પ્રાપ્ત કરી લે છે પછી એ સર્વશક્તિમાન થઇ જાય છે.

હંમેશાં પદ-સત્તા પૂજાય છે ગુણ-બુદ્ધિ નહીં.

સુવિચાર

- જેણે પરસેવો વધુ પાડ્યો છે એણે લોહી ઓછું બાળવું પડશે - ફ્રેન્ચ કહેવત
- પ્રતિભા મહાન કાર્યોનો પ્રારંભ કરે છે પણ તેને પૂરાં તો પરિશ્રમ જ કરે છે - સરદાર પટેલ
- આપણી આસપાસ ચાલતી, બનતી બધી જ ઘટનાઓ યાદ રાખવા જેવી કોઇ મુખમિ નથી, ભૂલવું એ પણ કળા છે - અરબી કહેવત
- કોઇના વખાણ ન કરી શકતા હોવ તો કોઇ વાંધો નહીં, બીજાનાં વખાણ સાંભળી શકો તોય ઘણું છે - માનસસૂત્ર
- જેવી સમજ તેવો માણસ, જેવો માણસ તેવો સમાજ, સાચી સમજ એ જ સાચું જીવન - પન્નાલાલ પટેલ
- ભૂતકાળને ભવિષ્યનું લીંબુ ન બનાવો, જેવો ભૂતકાળ હોય તેવું જ ભવિષ્ય હોય તે જરૂરી નથી - ડો. ચંદ્રકાન્ત મહેતા
- વાણીનો કાળ હોય છે, મૌનની અનંતતા - સમયસૂત્ર

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

ઘણીવાર આપણી લાગણી, પ્રેમ, ભાવ, ઇરાદો જાણ્યા વિના જ લોકો આપણને એમની દૃષ્ટિ એ જ મૂલવે છે અને મોટો, ખોટો અન્યાય કરી બેસે છે જે આપણને જિંદગીભર હૃદય પર બોજ બની બાળ્યા કરે છે.

અંગ્રેજી, વિશ્વવિખ્યાત લેખિકા પર્લબર્કના માતાજી નેવું વર્ષનાં હતા. એકવાર લેખિકાએ માને પૂછ્યું, 'મોમ! તમારા બાળપણનો એવો કોઇ કિસ્સો છે જેને તમે આજ સુધી ભૂલી ન શક્યાં હો!'

'મા એ જવાબ આપ્યો, 'હા બેટા છે ને - ત્યારે હું સાવ નાની પાંચ વર્ષની હતી. રવિવાર હતો, મારી મા ઘરનાં બધાં જ વાસણ સાફ કરતી હતી. તે લગભગ થાકી ગઇ હોય એમ દેખાતું હતું હું ટેબલ પર બેઠી બેઠી એ જોતી હતી મન થયું ચાલ, હું પણ માને કંઇક મદદ કરું, એમ વિચારી ટેબલ પર પડેલી એક મોટી ડિશ, જે મારા પપ્પાને અતિ પ્રિય હતી તે ડિસ પણ સાફ કરવાના ઇરાદે, ખૂરશી પરથી ઉતરી, બે નાના હાથથી ડિસ પકડી બેસીન સુધી, જતી હતી ત્યાં જ ડિસ હાથમાંથી સરી પડી - અને ટૂકડે ટૂકડા થઇ ગયા.. મા હજુ કંઇ સમજે તે પહેલાં જ ગુસ્સે થતા આવ્યા અને બૂમરાડ મચાવી માને ઠપકો આપ્યો અને મને બાજુમાં પડેલી સોટીથી ખૂબ જ માર મારી. તે દિવસે હું ખૂબ ડૂસકે ડૂસકે રડી - મને દુઃખ મારનું ન હતું. પણ ડિસ ઉંચકીને હું શા માટે મા પાસે જતી હતી. મારો ઇરાદો જાણ્યા વિના પિતાના ગુસ્સાનો ભોગ બની તેનો હતો.'

માતા-પિતા તો એ ઇરાદો જાણ્યા વિના જ મૃત્યુ પામ્યાં. પણ મને આજ સુધી એ અન્યાયનો અગ્નિ દઝાડી રહ્યો છે.

Email - sureshchandrabhatt18@gmail.com

"ભજન વગરનું (ભક્તિ વગરનું) ભોજન નકામું છે"

માનવીના જીવનમાં ચેતના જગાવતી મા ગંગા સતીની ભજનાવલી

ચેતનાનો સમય
- પ્રો. ઈન્દુલાલ ભટ્ટ

મા ગંગાસતી વિષે જાણવા જેવી લોકકથા છે ભાવનગર જીલ્લામાં સમઢિયાળા ગામ આવેલું છે આ ગામમાં ભક્તિની સુરાવલીઓ રેલાવતા એવા કહળુભાના ભક્તિરસમાં લોકો તરબોળ થઇ જતાં અને આસપાસના ગામોમાં તેના ભજનો અને ભક્તિની વાહ વાહ થતી. પરંતુ સમઢિયાળા ગામનાં કેટલાક ઇર્ષાળુ અને ટીખળી સ્વભાવના લોકો કહળુભાના ભક્તપણાની ઠઠ્ઠા મશ્કરી કરવા લાગ્યા. કહળુભાના ડાયરામાં બેઠાં બેઠાં વાહ વાહ કરે અને પાછળથી કહળુભાની ટીકા કરી ખીખીયારૂં કરે. કહળુભાને તેની જાણ થઇ કહળુભાને મનોમન થયું કે ગામનાં મોઢે ગરણી થોડી બંધાય? કહળુભાના ચમત્કારની વાતો આસપાસના ગામોમાં પ્રચલિત થવા લાગી પરંતુ કહળુભાને થયું કે હું મોટો સંત મહાત્મા ચમત્કારી સંત ગણાઇને પૂજાવા લાગું તો તો હું પાપમાં પડું પોતાની વ્યક્તિપૂજા થાય તે તેને ગમતું નહિં એટલે તેને થયું હું જીવતા સમાધિ લઇ લઉં. તેની પત્ની ગંગાબાઇ બોલ્યા, હે નાથ હું પણ તમારી સાથે સમાધિ લઇ લઉં. પછી કહળુભા બોલ્યા, હમણાં નહિં પરંતુ તેમની પુત્રવધુ ભક્તિનાં માર્ગે વળે પછી ખુશીથી મારી સમાધિ પાસે સમાધિ લેજો. પુત્રવધુનું નામ પાનબાઇ હતું.

પુત્રવધુ પાનબાઇની પણ વાત છે. પાનબાઇની મોટી બહેનનું નામ માનબાઇ હતું. તેના લગ્ન કહળુભાના પુત્ર અજોભા સાથે નક્કી થયેલા પરંતુ માનબાઇ તો બીજા કોઇના પ્રેમમાં હતા અને જાન તો માંડવે આવી ગઇ અને વરરાજા બેસી ગયા બોજેઠે. માનબાઇએ તો કહ્યું કે, હું તો પરણીશ તો મારા પ્રેમીને જ પરણીશ. મેં તો આ ઓઢણી એના નામની ઓઢી લીધી છે. માનબાઇને ઘણાં સમજાવ્યા પણ તે માન્યા નહિં તે ઓરડામાં જઇ ઝેર પી લીધું. હવે કરે શું? કુટુંબની આબરૂનો પ્રશ્ન હતો એટલે આબરૂ સાચવવા માનબાઇની ચુંદડી પાનબાઇને ઓઢી લીધી અને બેસી ગયા લગ્નમંડપમાં. ગોર મહારાજે તો મંત્રો બોલી વરરાજાને પાનભાઇ સાથે પરણાવી દીધા. હવે દરબારોમાં તો મોં જોવાનું હોય નહિં. અજોભા પરણીને સાસરે આવ્યા અને મધુરજની માણવા કન્યાનું મોં ખોલ્યું ત્યાં તો તેની પ્રેમિકા માનભાઇને બદલે પાનબાઇ નીકળ્યા અને અજુભા બાપુ તો ગુસ્સે થયા અને પોતાની મા, પિતા બધાને તરછોડી દેશવટો લઇ નીકળી પડ્યા. ત્યારે હવે સસરા કહળુભા, સાસુજી ગંગાસતી કે જોઓ ભક્તિમાર્ગે વળેલા. સસરાજી કહળુભાએ તો જીવતા સમાધિ લેતા પહેલાં ગંગાસતીને સમજાવેલા કે તમે મારી પાછળ સમાધિ લેજો પણ આપણી પુત્રવધુ તો એકલાં પડી ગયા છે.

પુત્ર તો સંસાર છોડી દેશવટો કરી લીધો છે. ત્યારે પુત્રવધુ એવી પાનબાઇ સંસારની માયાજાળમાં અટવાઇ ગયાં ત્યારે એકલા પડી ગયેલા પાનબાઇને ધર્મનાં માર્ગે વાળવાના હતા. સસરાજીએ તો કહેલું કે તમારે હવે પુત્રવધુના ગુરૂ બનીને તેને ભજનીક બનાવવાના છે એટલે રોજેરોજ સાસુજી ગંગાસતી અને પુત્રવધુ પાનબાઇ બંને ભજનોમાં ગળાડુબ રહે અને ગામ લોકો ગંગાસતી અને પાનબાઇના ભજનો સાંભળીને તલ્લીન થઇ જતાં. પાનભાઇ હવે તૈયાર થઇ ગયા છે અને પોતે પણ હવે અવનવા ભજને તૈયાર કરીને ગાવા લાગ્યા એટલે સાસુ ગંગાસતીએ પોતાની ફરજ પૂર્ણ થઇ છે એવું માનીને સસરાજી કહળુભાની સમાધિની બાજુમાં જીવતા સમાધિ લઇ લીધી. અને પાનબાઇએ સાસુ સસરાના પગલે ભજનાવલી ચાલુ રાખી અને છેવટે તેમણે પણ સમાધિ લઇ લીધી. કહળુભાના ભજનીક ગંગાસતી પણ ભજનીક અને છેલ્લે પાનબાઇ ભણ ભજનીક બનીને લોકોનાં જીવનમાં ઉપયોગી એવો સંદેશો આપતા ભજનો મુકીને ત્રણેય જીવતા સમાધિ લીધેલી. આજે પણ આ ત્રણેયના રચેલા ભજનો લોકો ડાયરા યોજીને ગાતા રહે છે અને ભક્તિમાં તરબોળ રહે છે. પાનબાઇ પણ જતાં જતાં એક ભજન છોડયા ગયા.

"નામરૂપ જેણે મીથ્યા કરી જાણ્યું
ને સદાય ભજનનો આહાર
સંગત તમે એવાની કરશો ત્યારે ઉતરશો ભવપાર રે"

અર્થાત્ જીવનમાં આહાર તરીકે ભોજન તો લો છો પણ ભોજન ને ચઢે તેવો આહાર તો ભજન છે. ભજન વગરનું ભોજન નકામું છે એટલે જીવનમાં ભજન અને ભક્તિ પણ સ્થાન આપો. અને જીવનમાં સંગત એવા સારા લોકોની રાખશો તો તમારો ભવ સુધરી જશે. સારા સંસ્કારી લોકોની સંગત અને ભજનને મોટો આહાર ગણીને જીવન જીવશો તો તમારો બેડો પાર થઇ જશે. સાસુજી ગંગાસતી જયારે પુત્રવધુને ભજનો ગાવાની તાલીમ આપતા ત્યારે પુત્રવધુ એવા પાનબાઇ ભજન સાંભળતા જાય અને મોતીડામાં દોરો પરોવતા જાય પર અંધારું થતાં દોરો પરોવાઇ નહિં ત્યારે ગંગાસતીજીએ પુત્રવધુ એવા પાનબાઇને સંબોધીને ભજન ગાઇ નાખેલું કે -

ગામડામાં સાંજના પહોર પછી અંધારા થવા લાગે અને કેરોસીનથી દીવો પ્રગટે એવા દીવાના અજવાળે મોતીડાં પરોવી શકાય નહિં એટલે પાનબાઇને સંબોધીને સત્વરે એક ભજન ગાઇ નાખ્યું કે વિજળીના ચમકારો થવા દો અને એ વિજળીના અજવાળે મોતીડા પરોવી શકશો આમ તો આ એક એવું ભજન છે કે જેમાંથી માનવીએ સમજવા જેવું છે કે જીવનમાં અંધારા વ્યાપી જાય, મુશ્કેલીઓ ઘેરી વળે તો પણ આત્મવિશ્વાસ ખોયા વગર પ્રયત્ન કરતા રહો તો એક દિવસ તમારા જીવનમાં વિજળીના ચમકારા સમાન અજવાળાં જરૂર આવશે. સાસુમા ગંગાબાઇની સાથે ભજનો ગાતા ગાતાં વરસો વીતી ગયા. પછી તો ગુરૂસમાન સાસુમાના સાનિધ્યમાં પાનબાઇ પણ ભજનો રચવા લાગ્યા. પાનબાઇ તેના એક ભજનમાં કહે છે કે જીવન એ તો ગુપ્તરસનો ખેલ છે. અધુરીયા માણસોને આ ગુપ્તરસો સમજાય નહિ એને સમજાવવા તો કોઇ અર્થ નથી. પાનબાઇ કહે છે કે હે માનવ તમે નિર્મળ થઇને જીવનરૂપી મેદાનમાં આવીને જીવન જીવવાની રીતભાતને જાણી લો.

ગંગાબાઇમાંથી ગંગાસતી બનેલા મા ગંગાસતીએ તેમના ભજનમાં કહ્યું છે કે -

હે માનવ તું આ જિંદગીરૂપી મેદાનમાં મનને સ્થિર કરીને જીવતાં શીખ. મન સ્થિર હશે, શાંત હશે તો જીવનમાં આવતા બધા કલેશ ઝઘડા મટી જશે. મા ગંગાસતીએ તેમના ભજનોમાં વર્ણભેદ હટાવવાની વાત કરી છે.

"હરિનો દેશ તમને એવો દેખાડું,
જયાં નહિ વર્ણને વેશ રે"

એક એવા દેશની આ ભજનની કડીમાં કલ્પના કરી છે કે માનવ જાતિએ જે જાતિભેદ, ધર્મભેદ, વર્ણભેદ કરીને સમાજને વિભાજીત કર્યા છે તેને મિટાવી દઇને આવા ભેદો નાબૂદ કરવાનો સંદેશો આપીને સમાજમાં એકતા અને ભાઇચારો લાવવાની વાત કરીને મા ગંગાસતી કહે છે કે આવો વર્ણભેદ વગરનો સમાજ હશે ત્યાં તમને હરિના દર્શન થશે. ઇશ્વર હાજરાહજુર થશે. બીજા એક ભજનમાં મા ગંગાસતી કહે છે કે -

"શરીરની સ્થિરતામાં ચિત્ત જેનું કાયમ રે
વૃત્તિ ના ડોલે લગાર રે"

અર્થાત્ માનવીએ શરીર અને મનમાં સ્થિરતા લાવવાની છે જેનું ચિત્ત સ્થિર હશે, જેની વૃત્તિ સ્થિર હશે તે માનવીને હરિના દર્શન અચૂક થશે. મન કાંઇક ભટકતું હોય અને હરિને ભજે તે બધું નકામું છે. ભજન અને ભક્તિ કરતાં કરતાં માનવીએ શરીર અને મનને સ્થિર રાખવું પડે. બીજા એક ભજનમાં મા ગંગાસતી કહે છે -

"કુબુદ્ધિવાળાનો સંગત તજવો
રહેવું એકાંતે અસંગ રે"

અર્થાત્ જીવનમાં શાંતિ મેળવવી હશે તો કુબુદ્ધિવાળાની સંગત છોડવી પડશે. કુબુદ્ધિવાળા લોકોની સંગત છોડીને છેવટે એકાંત જીવન જીવશો તો જીવનમાં શાંતિ આવશે અને તમને હરિના - ઇશ્વરના દર્શન થશે.

વધુમાં મા ગંગાસતી કહે છે કે -

"ચિત્ત વિષયમાંથી ખેંચવું ને,
રેવું સદાય ઇન્દ્રિયજીત રે."

અર્થાત્ માનવીએ વિષય વાસનામાં રચ્યાપચ્યા રહેવાને બદલે ઇન્દ્રિયો ઉપર કાબુ મેળવીને જીવવાનું છે જેથી ચિત્તભ્રમ થાય નહિં ને જીવનમાં શાંતિ અને સ્થિરતા આવશે અને હરિના દર્શન થશે. બીજા એક ભજનમાં મા ગંગાસતિ કહે છે કે -

"મેરૂ રે ડગે ને જેના મન ના ડગે
વિપદ પડે પણ વણસે નહિં
ભાઇ રે હરખને શોકની ના'વે (ના આવે) હેડકી રે
ભાઇ નિત્ય રે'વું (રહેવું) સત્સંગમાં રે
જેને આઠે પોર આનંદ રે"

(અનુસંધાન પાના નં. ૬ પર)

ગુજરાતમાં ૬૦૦૦ કરોડના વિદેશી હવાલા કાંડનો પર્દાફાશ કરતું એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટ

વાત કાનૂન કાયદાની...
- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

દેશમાં અર્થતંત્રને હલાવી નાખતું ૬૦૦૦ કરોડનું હવાલા કાંડ બહાર લાવતું ભારતનું એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટ.

બોગસ નામ સરનામાવાળા દસ્તાવેજોને આધારે એકસીસ બેંકમાં ખાતા ખોલાવી બેનામી સંપત્તીની કરોડોની હેરાફેરી બહાર આવતા ખળભળાટ મચી ગયો છે. સુરતના એકસ્પોર્ટ કરાયેલા ડાયમંડના બિલોની તપાસ દરમ્યાન ૧૦૦ કરોડના કોભાંડનો પર્દાફાશ થયેલ જેમાં વધુ તપાસ કરતા એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટના હાથમાં વધુ ૬૦૦૦ કરોડનું વિદેશી હવાલા કોભાંડ બહાર આવ્યું છે.

હવાલા કોભાંડનો મુખ્ય સૂત્રધાર અફરોઝ ફઝાએ વિદેશમાં પોતાની બેંક શરૂ કરવાની યોજના ઘડી હોવાનું તપાસમાં બહાર આવેલ છે વિદેશમાં બેંક ખોલવાની પ્રપોઝલ નકલ પણ એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટના અધિકારીઓએ જપ્ત કરેલ છે.

દક્ષીણ ગુજરાતમાંથી ઈસ્યો યુનિટ શરૂ કરી રાતોરાત કરોડપતિ બની ગયેલા અફરોઝ અંધારી આલમના સંપર્કમાં આવતા હવાલાથી નાણા વિદેશમાં મોકલવાનું નેટવર્ક ચલાવતો હતો અને દેશનો મોટો હવાલા ઓપરેટર બની ગયો હતો જે તપાસમાં બીજા ૧૦ જેટલા મોટાગજાના હવાલા ઓપરેટરના નામ ખુલવા પામતા ખળભળાટ મચી જવા પામ્યો છે બીજા દોરની ઘરપડમાં મોટા માથાઓની સંડોવણી બહાર આપવશે અને જેલ ભેગા થશે.

અમદાવાદ જીલ્લા મેજીસ્ટ્રેટે વિડીયો કોન્ફરન્સ દ્વારા અફરોઝને ત્રણ દિવસના રીમાન્ડ પર સોંપતા ઉપરોક્ત હિકકતો બહાર આવેલ છે.

અધિકારીઓએ સુરતથી કબજે કરાયેલા દસ્તાવેજોનું ચેકીંગની સાથે અફરોઝને સાથે રાખી કરવાનું બાકી છે તથા બેંકો સાથે ખાતાની એન્ટ્રી થતા હવાલા કોભાંડના તાર મીલાવવાના બાકી છે. આતો પ્રાથમિક તપાસમાં જ ૬૦૦૦ કરોડનો આંકડો બહાર આવ્યો છે. આ રકમવમમાં વધારો થઈ શકે તેવી પૂરી શકયતાઓ છે તેમ તપાસ કરનાર એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટના સૂત્રોએ જણાવ્યું છે. ગુજરાતમાં હવાલા રેકર્ડમાં તપાસ કરી પકડાયેલ આ પ્રથમ આરોપી છે.

અફરોઝ અને મદનલાલના મોબાઈલ વોટસઅપ અને ટેકનીકલ ફોરેન્સીક તપાસ કરીને હવાલા રોકેલા પુરાવા એકઠા કરેલ છે ઈડીએ મદનલાલ જૈન, અફરોઝના સગા સમીર ગોડિલ જીકાર અને તેની બહેન ફોઝીયા સમીર અને હવાલામાં સામેલ કંપનીના બાકીના ડિરેકટોનું સમન્સ પાઠવી તપાસ માટે બોલાવ્યા છે જે તપાસમાં આરોપી તરીકેના પુરાવા મળશે તો વધુ ઘરપકડની સંભાવના છે.

રીઢો ગુનેગાર અફરોઝ મગનું નામ મરી પાડતો નથી તથા તપાસમાં પુરો સહયોગ આપતો નથી. જેથી વધુ રીમાન્ડ લેવાય તેવી પૂરી શકયતા છે અફરોઝ હોંગકોંગ, કરાચી, દુબઈ તથા પાકિસ્તાનમાં વાતચીત કર્યાના પૂરતા પુરાવા અધિકારીઓને મળેલા છે.

આ કેસમાં અગ્ની જેમ્સ પ્રા.લિ.ના ૧૮૦ કરોડ કારમની ડામંડ પ્રા.લિ. ના ૭૬ કરોડ આર એ ડિસ્ટ્રીબ્યુટર પ્રા.લિ.ના ૧૩૨૬ કરોડ સીદઈ એકસીમ પ્રા.લિ. ના ૯૯૧ કરોડ મુમ્બાદેવી જેમ્સ પ્રા.લિ. ના ૪૪૯ કરોડ તથા હેમ જવેલર્સ પ્રા.લિ. ના ૪૫૪ કરોડ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યા છે આ આંકડા વધવાની પૂરી શકયતા છે.

એકિસસ બેંકમાં ખોટી કંપનીના નામે ખાતા બોલાવી કરોડો રૂપિયાની હવાલાના નાણા જમા કરાવી આ નાણા વિદેશ ટ્રાન્સફર કરવામાં આવતા હતા હવાલાથી મોટી રકમ હોંગકોંગ સ્થિત કંપનીમાં જમા કરાવવામાં આવતી હતી જેમાં મોગનાસ એફ ઝેડ પ્રા.લિ. દલમુર જેમ્સ કોર્નલ ટ્રેડિંગની યોન ઈન્ક, અલસબા જીનલ ટ્રેડિંગ એફેઝેડ ઈ યુરો ઈ અને અલઈમાસ એફ ઝેડ ઈ હોંગકોંગમાં બોગસ બિલોની એન્ટ્રી મારફત નાણાના હવાલા પાડવામાં આવતા હતા જે તપાસમાં એકિસસ બેંકના ખાતેદારોના નામ સરનામા ખોટા મળી આવ્યા છે જે ખાતામાં કરોડો રૂપિયા જમા થયેલા છે. મદનલાલ જૈન અને અફરોઝના કહેવાથી બેંકમાં ખાતા ખોલવામાં આવ્યા હતા તેમ બેંકના મેનેજરે કબુલ કરેલ છે. બેન્કોનો વેપાર વધારવા માટે પુરાવાની ચકાસણી કર્યા સીવાય પ્રાઈવેટ બેન્કોની ગળાકાપ હરિફાઈમાં ધંધો વધારવાની હોડમાં દેશની કિંમતી રોકડ રેવન્યુ વિદેશમાં ટ્રાન્સફર સિફતાથી થઈ જાય છે જેની પણ સામાન્ય માણસને તો પડતી પણ નથી જો સુરત ડાયમંડના બીલોની ઝીણવટ ભરી તપાસ ના કરવામાં આવી હોત તો દેશના અર્થતંત્રને ખોખલું કરતું ૬૦૦ કરોડનું હવાલા કાંડ બહાર ના આવત અને આરોપી કાયદાની ચુંગાલમાં ના ફસાત હવે કેટલા મોટા માથાની આમા સંડોવણી ખૂલે છે કે ભીનું સંકેલાઈ જાય તે જોવાનું રહ્યું ગુજરાતના ઈતિહાસમાં ૬૦૦૦ કરોડનું રવાના કાંડનો પ્રથમ વખત બનાવ બનેલ છે.

સમગ્ર રેકેટ સુરતની હાર્મની ડાયમંડ પ્રા.લી. અને અગની જેમ્સ પ્રા.લિ.ના ડાયમંડના બોગસ દસ્તાવેજોની ૧૦૦ કરોડની તપાસમાંથી બહાર આવતા આંકડો ૬૦૦ કરોડે ૨૩-૫-૨૦૧૪ સુધીની તપાસમાં પહોંચ્યો છે જે ગુજરાતના અર્થતંત્ર ઉપર આવનાર દિવસોમાં ચોકકસ અસર કરશે.

ધર્મ અને વિજ્ઞાન એક જ વાત કહી રહ્યા છે ત્યારે ચાલો... આપણે આપણી સાંસ્કૃતિક પરંપરા અને વિજ્ઞાનના જ્ઞાનને માન આપીએ અને સુરક્ષિત ભવિષ્યનો માર્ગ કંડારીએ...

૫ જૂન : વિશ્વ પર્યાવરણ દિન
વન્યસૃષ્ટિ પરિચય
- હેમંત સુથાર

૫ જૂન વર્ષ ૧૯૭૨થી પ્રારંભ થયેલ વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીનું વૈશ્વિક કક્ષાનું આ અભિયાન હવે ધીરે ધીરે સાચા અર્થમાં આ અભિયાન બનવા જઇ રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોથી સમગ્ર વર્ષ દરમિયાન આવતાં વિવિધ પર્યાવરણીયલક્ષી દિવસો જેવા કે વિશ્વ દિન, વિશ્વ પર્યાવરણ દિન, આંતરરાષ્ટ્રીય જૈવિક વિવિધતા દિવસ, વર્લ્ડ સ્પેરો ડે, જલપ્લાવિત દિવસ વગેરેની ઉજવણી રૂપ થતી પ્રવૃત્તિઓ સંસ્થાકીય રીતે કે વ્યક્તિગત રીતે ખુબ જ સારી રીતે ઉજવાઇ રહી છે. તેમાંય ખાસ કરીને બાળકો અને યુવાનો તેમાં ખુબ જ રસ દાખવીને સક્રિય રીતે જોડાઇ રહ્યા છે તે વધુ આનંદ દાયક વાત છે અને ભાવિ પેઢી માટે આશાવાદ જગાવે તેવી છે.

આ વખતની ૫ જૂન - વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી માટે સંયુત રાષ્ટ્રસંઘની યુનાઇટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામ સંસ્થા દ્વારા પસંદ કરવામાં આવેલી થીમ છે. "સ્મોલ આઇલેન્ડસ્ એન્ડ કલાઇમેટ ચેન્જ" તેનો અર્થ થાય "નાના ટાપુઓ અને હવામાન બદલાવ" આ થીમની સાથે - સાથે એક સ્લોગન પણ જાહેર કરવામાં આવે છે અને તે સ્લોગન છે "રેઇઝ યોર વોઇઝ - નોટ ધ સી લેવલ" તેનો મતલબ કે આપનો અવાજ વધારો - પ્રયત્ન વધારો, નહીં કે સમુદ્રની પાણીની સપાટી.

વિશ્વ પર્યાવરણ દિનની થીમ અને સ્લોગન દ્વારા એવો સંદેશ આપવાનો પ્રયાસ છે કે ગ્લોબલ વોર્મિંગને કારણે થઇ રહેલ ક્લાઇમેટ ચેંજના પરિણામે વિશ્વના દરિયાના પાણીની સપાટી વધનાર છે અને એક અંદાજ પ્રમાણે વિશ્વના ૩૦૦ જેટલા નાના ટાપુઓ દરિયાના પાણીમાં ડુબી જેવાની સંભાવના છે. આ માટે આપણે સહુએ આ એક જ વિષય તરફ હાલમાં ધ્યાન આપીને સંસ્થાકીય અને વ્યક્તિગત ધોરણે પ્રવૃત્ત થવાનું છે.

આજે વૈજ્ઞાનિકો તેમના વર્ષોનાં સંશોધનો અને અભ્યાસ બાદ તેના તારણો આપણી સમક્ષ મુકી રહ્યા છે તે પ્રમાણે છેલ્લા ૧૦૦ વર્ષમાં વિશ્વ કક્ષાએ દરિયાઇ સપાટીમાં ૧૦ થી ૧૫ સેન્ટીમીટર એટલે કે ૪ થી ૬ ઇંચ જેટલો વધારો નોંધાયો છે. આજ રીતે પૃથ્વીના વાતાવરણમાં વધેલા હરિતગૃહ વાયુઓ ગ્રીનહાઉસ ગેસીસને કારણે છેલ્લા ૧૦ વર્ષમાં આ પૃથ્વીના તાપમાનમાં ૮૫ % જેટલો વધારો નોંધાયો છે. છેલ્લા દસકામાં વધુમાં વધુ તાપમાન હોય તેવા વર્ષોની નોંધ પણ થઇ છે.

આ ઉપરાંત અન્ય એક અહેવાલ મુજબ વર્ષ ૨૦૩૦ સુધીમાં સમુદ્ર જળની સપાટીમાં ૨૦ સેન્ટીમીટર જેટલો વધારો જોવા મળી શકે છે અને તે આ સદીમાં અંત સુધીમાં ૬૫ સેન્ટી મીટર એટલે કે ૨ ફૂટ જેટલો થઇ જવાની સંભાવનાઓ છે. આ બધા કારણે વિશ્વના જે ટાપુઓ અને દરિયાકાંઠાના પ્રદેશો ડુબમાં જશે તેની અસરો માનવ અને પ્રાણીજીવન પર ખુબ જ ગંભીર રીતે પડનાર છે.

નાના ટાપુઓ ઘણાં પ્રકારની 'એન્ડેમીક' જીવ જાતિઓનાં પ્રાકૃતિક વાસ સ્થાનો છે. એન્ડેમીક સમગ્ર વિશ્વમાં ફક્ત એક જ જગ્યાએ કોઇ મર્યાદિત વિસ્તારમાં જ જોવા મળતો હોય અને તેની હાજરી કે વસ્તી અન્ય જગ્યાએ ન હોય આવી રીતે ૩૦૦ જેટલા ટાપુઓ ડૂબમાં જવાના હોય તો ઘણી બધી પ્રાણીઓ અને વન્યજાતિઓનો સદંત્તર માટે લુપ્ત થઇ શકે છે.

આપણાં પ્રાચીન શાસ્ત્રોમાં પ્રત્યેક જૈવિક અને અજૈવિક ઘટકોનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે. આપણાં ઘણાં બધાં તહેવારો - વ્રતો પણ આજ હેતુઓની પૂર્તિ કરવા માટે નિયત કરવામાં આવ્યા હતા. આપણા બધા દેવો પ્રાકૃતિક તત્ત્વો જ છે કે તેના પ્રતિકો છે, પછી જયારે એજ તત્ત્વો જીવો કે ઘટકોને સાચવવા અને વિવેકપૂર્ણ ઉપયોગ કરવા માટે કહેવામાં આવ્યું છે અને સંતુલિત પર્યાવરણના કામમાં પણ અગમચેતીરૂપ ઉલ્લેખાયા હતા તે આપણા માટે ગૌરવપ્રદ વાત ગણી શકાય.

આજે ધર્મ અને વિજ્ઞાન એક જ વાત કહી રહ્યા છે ત્યારે ચાલો... આપણે આપણી સાંસ્કૃતિક પરંપરા અને વિજ્ઞાનના જ્ઞાનને માન આપીએ અને સુરક્ષિત ભવિષ્યનો માર્ગ કંડારીએ...